## સુરત મહાનગરપાલિકા

**મોજે :ગોડાદરા અને ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૬૯**
**(ગોડાદરા–ડીંડોલી)) તૈયાર કરવા બાબત.**

## અધિસુચન

ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના તા.૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ–૧૧૨૦૦૬–૨૭૯૫–વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ની કલમ–૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭)ની કલમ–૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૧૦/૨૦૦૮, તા.૦૫–૦૩–૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૬૯ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ગોડાદરા અને ડીડોલી વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા–ડીડોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**સુરત**
તા.13–03–૨૦૦૮.

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

## ઠરાવ :–

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૫–૦૩–૨૦૦૮નાં રોજ મળેલ સભામા નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

xxxxxxxxx

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૨૭–૦૨–૦૮ નાં પત્ર નં.સી.મી.સ./ ૮ /૪૦ થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા–ડીડોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં.૬૯ (ગોડાદરા–ડીડોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૦/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

G:\T P D\Personal\A-J E\V.B.TAILOR\TP-69-5